Gujarati Version

easy read



# આપણી વ્યક્તિગત તબીબી માહિતીનો ઉપયોગ એનએચએસ (NHS) કેવીરીતે કરે છે

આસાનીથી વાંચી શકાતી માર્ગદર્શિકા

Thinklusive

The Centre for Ethnic Health Research
national centre for tackling health inequalities

Understanding Patient Data

# અનુક્રમણિકા


01. વિભાગ 1
મોટી માહિતી (ડેટા) શું છે?

02. વિભાગ 2
દર્દીની માહિતી શું છે?

03. iવભાગ 3
દર્દીની માહિતી કોણ જોઇ શકે?

04. વિભાગ 4
દર્દીની માહિતી વાપરવા વિશે નિયમો

05. વિભાગ 5
નેશનલ હેલ્થકેર ડેટાસેટ

06. વિભાગ 6
વધુ માહિતી




અમે આ પુસ્તિકાને આસાનીથી વાંચી શકાય તે માટે અલગ વિભાગોમાં છુટી પાડી છે.

તમે કદાચ તેને તબક્કાવાર વાંચવા ચાહો.




આ પુસ્તિકા વાંચવા તમે કદાચ મદદ મેળવવા ચાહો.



જો તમારે કોઇ સવાલ હોય તો,
આ પુસ્તિકાના અંતમાં વધારે માહિતી છે.



# વિભાગ 1. મોટી માહિતી (ડેટા) શું છે?



લોકો માહિતી ફાળવે.
આપણે બધા એકબીજાને વિવિધ જાતની વાતો કહીએ.




તે આપણને બધાને શીખવામાં મદદ કરે.



હવે, કોમ્પ્યુટર અને ઇન્ટરનેટને કારણે,
આપણે વધારેને વધારે માહિતી વહેચી શકીએ છીએ –
એકદમ જલ્દી બીજા લોકો સાથે




કોમ્પ્યુટર પર સંગ્રહ કરેલ માહિતીને ડેટા કહેવાય છે.




જ્યારે ઘણીબધી માહિતી એક્સાથે ભેગી થાય ત્યારે, તેને મોટી માહિતી (બીગ ડેટા) કહેવાય.

તે આપણને દાખલા(પેટર્ન) જોવામાં મદદ કરી શકે.



ચાલો મોટી માહિતીનો દાખલા (બીગ ડેટા પેટર્ન)નુ ઉદાહરણ જોઇએ




લંડન એમ્બ્યુલન્સ સર્વિસ 8.6 મિલિયન લોકોને સંભાળ પુરી પાડે છે.

# પાનુ 6




2019માં લંડન એમ્બ્યુલન્સ સર્વિસે કહ્યું કે તે 68 એમ્બ્યુલન્સ સ્ટેશનો ઘટાડવા માંગે છે.




તેમણે કહ્યું કે તેમણે કોલ આઉટ માટે જતી બધી એમ્બ્યુલન્સની મુસાફરી પર ધ્યાન આપ્યું હતું.




તેમણે કહ્યુ કે એમ્બ્યુલન્સની મુસાફરીએ એક દાખલો(પેટર્ન) બનાવ્યો.




તે દાખલા(પેટર્ન)માં એમ્બ્યુલન્સ ક્યાં અને કેટલીવાર જાય છે તે દર્શાવ્યુ.




માહિતી(ડેટા)માં જણાયું કે 68
નાના એમ્બ્યુલન્સ સ્ટેશનોને બદલે 18
વિશાળ એમ્બ્યુલન્સ સેન્ટરો વધુ સારા રહેશે.



ડેટાએ બતાવ્યું કે મોટા સેન્ટરોથી,
એમ્બ્યુલન્સો જલ્દી દર્દીઓ પાસે પહોંચશે.



આ એક ઉદાહરણ છે જે માહિતી એકઠી
કરવાથી કઇરીતે અમને દર્દીની કાળજી
કરવામાં સુધારો કરવા મળે છે.



# વિભાગ 2 વ્યક્તિગત તબીબી માહિતી શુ છે?



આજકાલ NHSહેલ્થકેર ટીમ
તેમની વચ્ચે એકબીજા સાથે ઘણીબધી
માહિતી વહેંચે છે.




તેનો મતલબ આખા દેશના NHS મેનેજરો
લોકોને શેની જરુર છે, ક્યારે જરુર છે
અને યોગ્ય જગ્યાએ છે તે બાબતો પર યોજના કરી શકે.



આ માહિતી વહેંચવાથી દરેકને મદદ થાય છે.
તેનો મતલબ આપણે વધારે લોકોને સારા થવામાં
મદદ કરી શકીએ, જલ્દી.




**વ્યક્તિગત તબીબી માહિતી વહેંચવાથી અમે દાખલા(પેટર્ન) જોઇ શકીએ.**

**આ પેટર્નોથી NHSને આપણી તબિયતની કાળજીમાં કઇરીતે સુધારો કરવો તે વિશે મદદ કરે છે.**



દાતઃ સમાન સ્થિતિ ધરાવતા લોકોને તેમના માટે દવાનો શ્રેષ્ઠ ડોઝ આપવો.



**સંયોજક**



**વિવિધ દવાઓ**



**તેમની વિવિધ અસરો માટે**



**વિવિધ લોકો સાથે**



મતલબ કે ડોક્ટર જાણે છે કે દરેક વ્યક્તિ માટે કઇ દવા વાપરવી શ્રેષ્ઠ છે.




દાત, NHS ટાઇપ 2 ડાયાબિટીસવાળા ઘણાબધા લોકોનુ ધ્યાન આપે છે.



ટાઇપ 2 ડાયાબિટીસવાળા લોકો માટે વિવિધ દવાઓ ઉપલબ્ધ છે.




NHS મોટા ચિત્રને જુએ છે અને ટાઇપ 2 ડાયાબિટીસ વિશે ઘણી બધી વ્યક્તિગત તબીબી માહિતી એકત્રિત કરે છે.



મોટા ચિત્રને જોયા પછી,
NHS ડૉક્ટરોને દરેક દર્દી માટે ટાઇપ 2 ડાયાબિટીસની કઇ દવા યોગ્ય છે તે નક્કી કરવામાં મદદ કરે છે.



# વિભાગ 3. આપણી વ્યક્તિગત તબીબી માહિતી કોણ જોઇ શકે?




NHS માહિતી એકઠી કરે છે
જ્યારે લોકો હોસ્પિટલે હાય,
જીપી પાસે જાય યા કોઇ બીજી
NHS સર્વિસ પાસે જાય.




હરેક વ્યક્તિઓ વચ્ચે ઘણા તફાવતો છે
જેમ કે ઉંમર, જાતિ અને બિમારીના આપણા
પારિવારિક ઇતિહાસ.




કઇ સારવારનો ઉપયોગ કરવો તે
નક્કી કરતી વખતે આપણા ડૉક્ટરે
આ તફાવતોને ધ્યાનમાં લેવાની જરૂર છે.




જ્યારે આપણી ઘણી બધી અંગત તબીબી માહિતીને એકસાથે જોડવામાં આવે છે ત્યારે તે મોટો ડેટા બની જાય છે.




NHS અમારી અંગત સ્વાસ્થ્ય માહિતી વિશેનો આ મોટો ડેટા આની સાથે વહેંચે છે:



**વિવિધ હેલ્થ પ્રોફેશનલો**



**NHSમેનેજરો**



**તબીબી સંશોધનકર્તા**

તેનો મતલબ કે NHS કરી શકે:



**યોગ્ય સારવાર અને કાળજી પુરી પાડે**



**તે શું કરે છે તેમાં સુધારો કરે**




માત્ર તમારી NHS હેલ્થકેર ટીમ
જ માહિતી જોઇ શકે કે તમે કોણ છો.



બીજા કોઇસાથે તમારી વ્યક્તિગત માહિતી
ફાળવતા પહેલાં, NHS તમે કોણ છો તે
જણાવતી માહિતી કાઢી નાંખે છે.



આ વ્યક્તિગત લોકો કોણ છે
તે જોવાનું ખૂબ જ મુશ્કેલ બનાવે છે.



તેનો અર્થ એ છે કે NHS આપણા દરેક વિશેની વધુ પડતી માહિતી જાહેર કર્યા વિના સંશોધન અને આયોજન માટે આપણી વ્યક્તિગત તબીબી માહિતીનો ઉપયોગ કરી શકે છે.



NHS ખાનગી કંપનીઓ સાથે કામ કરે છે.

દાતઃ દવાની કંપની જે નવી દવા તપાસે છે.



NHS ખાનગી કંપનીઓ સાથે ફક્ત તે જ માહિતી વહેંચે જેમાં તમે કોણ છો તે જાહેર કરી શકતા નથી.



# વિભાગ 4. વ્યક્તિગત તબીબી માહિતી વાપરવા વિશેના નિયમો





NHS સંશોધન અને આયોજન માટે
વ્યક્તિગત તબીબી માહિતીનો ઉપયોગ
રવા વિશે ઘણા સખત નિયમો છે.



સંશોધન અને આયોજન માટે તમારી વ્યક્તિગત
તબીબી માહિતી વપરાતી બંધ કરવાનું
તમે પસંદ કરી શકો છો.

તેને નીકળી જવુ(ઓપ્ટ આઉટ) કહેવામાં આવે છે.



જો કે તમે ઓપ્ટ આઉટ કરો,
છતાંપણ અમુક તબીબી આકસ્મિક સમયે તમારી
તબીબી માહિતી વાપરવામાં આવે છે.



દાત:
રોગચાળો થાય જ્યાં તમારી
અથવા બીજા લોકોની તબિયતને
કદાચ કોઇ જોખમ હોય.



રોગચાળો એવો રોગ છે
જે જલ્દી ફેલાય છે અને ઘણાબધા લોકોને
એક સમયે અસર કરે છે.



રોગચાળો જે એક થી વધારે દેશો કે ખંડોમાં
ફેલાય તેને વિશ્વભરમાં ફેલાયેલ ચેપ કહેવાય છે.


કોવિડ-19 વિશ્વભરમાં ફેલાયેલ ચેપ છે.



સંશોધન અને આયોજનમાં તમે
તમારી વિગતો વપરાતી બંધ કરી શકો છો.
તેને ઓપ્ટ આઉટ કહેવાય છે.




ત્યાં આસાનીથી વાંચી શકાય તેવી
પુસ્તિકા ઉપલબ્ધ છે જે ઓપ્ટ-આઉટ
વિશે વધારે સમજુતી આપે છે.




આ છબી પર, ઓપ્ટ આઉટ
આસાનીથી વાંચવાની પુસ્તિકા માટે ક્લિક કરો.



# વિભાગ 5. નેશનલ હેલ્થકેર ડેટાસેટ્સ



અમે કહ્યું કે કોમ્પ્યુટર પર સંગ્રહ
કરેલી માહિતીને ડેટા કહેવાય.




અમે જ્યારે ઘણીબધી માહિતી
કોમ્પ્યુટર પર મુકીએ તેને મોટો ડૅટા કહેવાય.

તે મને પેટર્ન જોવામાં મદદ કરી શકે.




NHS પાસે દુનિયામાં શ્રેષ્ઠ
નેશનલ હેલ્થકેર ડેટાસેટ્સ છે.




નેશનલ હેલ્થકેર ડેટાસેટ્સ ઇલેક્ટ્રોનિક રેકોર્ડ્સ છે જે NHS વડે એકત્ર કરાયેલ માહિતીનો સંગ્રહ કરે છે.



તેનુ ઉદાહરણ છે કેન્સર રજીસ્ટ્રી.



કેન્સર રજીસ્ટ્રી હેલ્થકેર ડેટાસેટ્સમાં 1972થી કેન્સરના દર્દીઓની માહિતી એકઠી કરવામાં આવતી હતી.




મેક્મીલન કેન્સર સપોર્ટ વેબસાઇટની છબી પર ક્લિક કરો જેની પાસે કેન્સર રજીસ્ટ્રી વિશે વધુ માહિતી છે.



બીજા બે નેશનલ હેલ્થકેર ડેટાસેટ્સ છેઃ



હોસ્પિટલ ડેટાસેટ જેમાં દર્દી ક્યાં
અને ક્યારે હોસ્પિટલ ગયુ,
શા માટે અને શું થયું તે વિગતો બતાવે છે.




ONS ડૅટાસેટ મૃત્યુ થવાની ઉંમર,
જાતિ, વિસ્તાર અને મૃત્યુ થવાનુ કારણ બતાવે છે.

ONS નો મતલબ છે ઓફિસ ફોર નેશનલ
સ્ટેટીસ્ટીક્સ(રાષ્ટ્રીય આંકડા માટેની ઓફિસ)




હોસ્પિટલ અને ONS માહિતીનો ઉપયોગ
જાહેર સેવાના આયોજન માટે
વપરાય છે જેમકે NHS



# વિભાગ 6. વધુ માહિતી

વ્યક્તિગત તબીબી માહિતીનો ઉપયોગ કરવો મહત્વપુર્ણ છે.



**1** વધુ દેખાતુ



**2** ભરોસાપાત્ર



**3** સમજી શકાય તેવુ




આ પાના પર અમે અમુક વ્યક્તિગત
તબીબી માહિતી વિશેના
એનીમેશનની લીંક વહેંચી છે




મોટું ચિત્ર(પિક્ચર)

https://youtu.be/fJ2hyXCOOyQ



અસ્થમા

https://youtu.be/iVRTjZ30KBo



કેન્સર

https://youtu.be/y0P2qriA5dw




ડિમેન્શીયા

https://youtu.be/-X_LZp8J9qA



ડાયાબિટીસ

https://youtu.be/vYCUSSperMo



હાર્ટ-એટેક(હ્રદયરોગનો હુમલો)

https://youtu.be/iVRTjZ30KBo





નોંધ વહેંચવી

https://youtu.be/oDY9dGAV9NQ




NHS ડીજીટલ

NHS ડીજીટલ આપણી દર્દી
તબીબી માહિતી ભેગી કરે છે.



NHS

Your Data Matters to the NHS

Information about your health and care helps us to improve your individual care, speed up diagnosis, plan your local services and research new treatments.

In May 2018, the strict rules about how this data can and cannot be used were strengthened. The NHS is committed to keeping patient information safe and always being clear about how it is used.

You can choose whether your confidential patient information is used for research and planning.

To find out more visit: **nhs.uk/your-nhs-data-matters**

ico.

For more information about your data rights please visit the Your Data Matters campaign at ico.org.uk

‘યોર ડેટા મેટર્સ ટુ ધ NHS’ દ્વારા
NHS ડીજીટલ પાસે ઉપાયોગી માહિતી છે.




NHS ડીજીટલ વેબસાઇટ
પર જવા છબી પર ક્લિક કરો.

## લેસ્ટર કો-પ્રોડક્શન ગ્રુપે માહિતી તૈયાર કરી.
## અમે ચાહતા હતા કે દરેક જણ દર્દી તબીબી માહિતી મેળવી શકે.

## આ માર્ગદર્શિકા અન્ડસ્ટેન્ડીંગ પેશન્ટ ડેટા
## (દર્દીના ડેટાને સમજવા) સાથે ભાગીદારીમાં બનાવવામાં આવી હતી.

## અમે આ દસ્તાવેજ એવા લોકો તરીકે બનાવ્યો છે જેઓ છે:

“હોશિયાર, સ્માર્ટ અને બુધ્ધિશાળી" (રચીદા)
“ હોંશિયાર, સ્માર્ટ અને મદદરુપ" (શરીફા)
“વ્યવસ્થિત, સંભાળ રાખનાર, આદર કરનાર, પ્રેરિત અને સહાનુભુતિપૂર્ણ" જેકી
ભારતી "સમજુ, પ્યારુ, મહેનતુ, પ્રેરિત"
“સ્માર્ટ, સક્રિય, મદદરુપ અને સ્વતંત્ર" શ્મોય્લ
રામ્ભી "મજબુત, મહેનતુ, કાળજી કરનાર"
ધ્વની શાહ "બાયોમેડીકલ વિદ્યાર્થી, ઉત્સાહી, કાળજી કરનાર, કરુણાપૂર્ણ અને સક્રિય શીખનાર"
સોનલ " ઉત્સાહી, મદદગાર, મહેનતુ, પ્રેરિત અને દયાળુ"



---

### વધુ જાણવા માટે:

**અમારી વેબસાઇટની મુલાકાત કરો:thinklusive.org**
**ઇ-મેઇલ: hello@thinklusive.org**

Thinklusive
The Centre for Ethnic Health Research
national centre for tackling health inequalities
Understanding Patient Data

2022